રે.દિ.મુ.નંબર – ૩૫/૨૦૨૪

**<u>વાદી ની આંક-૫ ની સી.પી.સી ઓર્ડર -૩૯ રુલ્સ ૧-૨ તથા કલમ -૧૫૧ મુજબ વચગાળા નો મનાઇ હુકમ મેળવવા બાબતેની અરજી લગત હુકમ :-</u>**

૧). હાલનો દાવો વાદીઓએ ડેક્લેરેશન અને જાથુક નો મનાઇ હુકમ મેળવવા પ્રતિવાદીઓ સામે કરેલ છે અને જે સાથે આંક-૫ ની સી.પી.સી ઓર્ડર ૩૯ રુલ ૧-૨ તથા કલમ-૧૫૧ મુજબ દાવો ચાલતા દરમ્યાન વચગાળા નો કામચલાઉ મનાઇ હુકમ મેળવવા ની અરજી રજુ કરેલ છે અને જે આંક-૫ ની અરજીમાં માંગ્યા મુજબ ની કામચલાઉ મનાઇ અરજીની દાદ આપવા માંગણી કરેલ છે. જે અરજી લગત આ કામના પ્રતિવાદીઓને તાત્કાલીક કારણદર્શક નોટીસ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જે લગત પ્રતિવાદીઓને નોટીસ કરતા પ્રતિવાદીઓ ના.કોર્ટમાં પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે અને પ્રતિવાદીઓ તર્ફે આંક-૧૭ થી દાવા તથા મનાઇ અરજી નો લેખિત જવાબ રજુ કરેલ છે.

૨). સદર કામે વાદીઓ તર્ફે પોતાના મનાઇ અરજી ના તથા દાવાના સમર્થનમાં આંક-૩ થી દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ રજુ કરેલ છે, જે દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા.

૩). પ્રતિવાદીઓ ધ્વારા પોતાના જવાબ ના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી.

૪). આ કામે વાદી તરર્ફે તેમના વિ.વ.શ્રી ધ્વારા આંક-૫ ની અરજી લગત વિગતવાર મૌખીક રજુઆત કરવામાં આવેલ છે, અને વાદીના લાભમાં માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇ હુકમ આપવા રજુઆત કરેલ છે, તેમજ પ્રતિવાદીઓ તર્ફે તેમના વિ.વ.શ્રી ધ્વારા કામચલાઉ મનાઇ હુકમ અરજી લગત વિગતવાર મૌખીક દલીલો કરી અને વાદીની હાલની કામચલાઉ મનાઇ હુકમ મેળવવા બાબતેની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૬). વાદીઓની આંક-૫ ની વચગાળાનો મનાઇ હુકમ મેળવવા બાબતેની અરજી ની વિગતો તથા દાવાનુ રેકર્ડ અને પ્રતિવાદીઓના જવાબ ની વિગતો વંચાણે લેતાં તેમજ રજુ થયેલ પુરાવા તથા રજુઆત ધ્યાને લેતા મારી સમક્ષ હાલની આંક-૫ ની કામચલાઉ મનાઇ હુકમ અરજી ના નીકાલ અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

મુદ્દા :-

૧. શું વાદી પુરવાર કરે છે કે, તેઓનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

૩. શું મનાઇ હુકમ નહી આપવાથી વાદીને નાણાથી પણ ભરપાઇ ના થઇ શકે તેવુ અપરીહાર્ય નુકશાન થવાનો સંભવ રહેલો છે ?

૪. શું હુકમ ?

૭). ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. " હકારમાં "

૨. "હકારમાં "

૩. "હકારમાં"

૪. આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નીર્ણયો અર્થે મારા કારણો નીચે મુજબ છે :

**--:: કા ર ણો ::-**

૮). મુદ્દા નં ૧ થી ૫ :-

ઉપરોક્ત તમામ મુદ્દા એકબીજા સાથે સંકળાયેલા હોય, વારંવારનુ પુનરાવર્તન ટાળવા માટે તમામ મુદ્દાની ચર્ચા એક સાથે કરેલ છે.

**Essential elements to grants or refuse interim injunctions:-**

It is pertain to note that the power to grant a temporary injunction is in the discretion of the court, this discretion however, should be exercised reasonably, judiciously and on the legal principles. Injunction should not lightly granted as it adversely affects the other side. Generally , before granting the injunction, court must satisfied about the following aspects namely,

prima-facie case, irreparable injury and balance of convenience.

The first rule is that the applicant must make out a ***prima facie case*** in support of the right claimed by him, court must be satisfied that there is a bona fide dispute raised by the applicant, there is strong case for trial which needs investigation. A prima facie case does not mean a case proved to the hilt but a case which can be said to be established if the evidence which is led in support of the same were believed. While determining whether a prima-facie case had been made out the relevant consideration is whether on the evidence led it was possible to arrive at the conclusion in question and not whether that was the only conclusion which could be arrived at on that evidence.

Existence of the prima facie case alone does not entitled the applicant for a temporary injunction, but the applicant must satisfied the court that he will suffer ***irreparable injury*** if the injunction as prayed for is not granted and that there is no other remedy open to him by which he can protect himself from the consequences of apprehended injury.

Third condition for granting interim injunction is that the ***balance of convenience*** must be in favor of the applicant. In other words, court must be satisfied that the comparatives mischief hardship or inconveniences which is likely to be caused to the applicant by refusing the injunction will be greater than that which is likely to be caused to the opposite party by granting it.

In case of judgment of Hon'ble Gujarat High Court J. M. Patel V. D.B. Patel reported in 2007 GLR 79, in Para - 15 it is observed that It is not the law that moment the suit is filed, trying to make out some case, by ignoring the material on

record injunction must follow. If material is not be considered at the time of deciding injunction application, Courts will be flooded with frivolous litigations. Therefore, the Court is required to examine minutely the merits of the case and the circumstances in existence...

આ કામે વાદીઓ ધ્વારા જે કામચલાઉ મનાઇ હુકમ ની દાદ મેળવવા માટે હાલની અરજી લાવવામાં આવેલ છે તે સમન્યાયના સિધ્ધાંત અનુસાર મળવા પાત્ર હોય ત્યારે વાદીઓની અરજી મંજુર થવા પાત્ર છે. અત્રે ઉલ્લેખનનીય છે કે, એ.આઇ.આર. ૧૯૯૯ દિલ્લી પાન નં ૩૬૧ ના પ્રીથાસિંગ વિ. લક્ષ્મણસિંગ ના ચુકાદામાં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંત અનુસાર જ્યારે વાદી કામચલાઉ મનાઇ હુકમ ની દાદ માંગતા હોય ત્યારે તેમણે પોતાની તરફેણમાં ત્રણેય મુદ્દા સંભાવનાની દ્રષ્ટીએ પુરવાર કરવા જોઇએ, તેમજ વચગાળાના મનાઇ હુકમની અરજી નિર્ણીત કરતા સમયે કોર્ટે રજુ થયેલ તમામ દસ્તાવેજો ને ધ્યાને લઇ અને તેના આધારે વાદીની તરફેણમાં કોઇ પ્રથમ દર્શનીય કેશ છે કે કેમ? અને તે પુરવાર થાય છે કે કેમ? તે જોવું જોઇએ, તેમજ મનાઇ હુકમ નહી આપવા થી વાદીઓને કોઇ નુકશાન થવા સંભવ છે કે કેમ અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે કે કેમ? તે જોવું જોઇએ, તેમજ જ્યારે વાદીઓ સમન્યાયની દાદ મેળવવા માંગતા હોય ત્યારે આ દાદ જે કોર્ટની મુનસફી પર આધારીત હોય અને ત્યારે તે માટે આ મુનસફીનો ઉપયોગ આર્બીટ્રરી કે કેપ્રેશ્યસ મેનરમાં થયેલ ના હોવો જોઇએ અને સામાન્ય બુધ્ધી ધરાવતો માણસ જે રીતે વિચારી શકે તે રીતે કોર્ટ સમક્ષની બંન્ને પક્ષકારોની શુધ્ધ બુધ્ધીને પણ ધ્યાને લેવી જોઇએ, તેમજ વાદી ચોખ્ખા હાથે આવેલ હોવા જોઇએ, તેમજ તેમણે એવું કોઇ કૃત્ય કરેલ ના હોવું જોઇએ કે જે તેમને સમન્યાય ની દાદ મેળવવા માટે હક્કદાર ના ઠરાવે.

સદર કામે વાદીઓની પોતાની મનાઇ હુકમ અરજના કથનો અને રજુ કરેલા દસ્તાવેજી પુરાવા મુજબ  એક હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, દાવાવાળી જમીન તે જંગલ ખાતા ની જમીન છે અને વાદીઓ સદર રે.સ.નં ૨૨૮ ના જુના રે.સ.નં ૧૬૨ વાળી જમ્મીન પૈકી ૦૧-૨૦-૦૦ ક્ષેત્રફળ ધરાવતી જમીન ખેડતા હોય અને વાદીઓના

કબજા હક્ક ના કારણે જમીન ખેડવાનો અધિકાર સરકારી શ્રી ધ્વારા લાંબી લગત બાદ કલેક્ટર સાહેબ, પંચમહાલ- ગોધરા ધ્વારા અનુસુચિત આદિજાતી અને અન્ય પરંપરાગત વનવાસીઓના વન અધિકાર માન્ય કરવા બાબત અધિનીયમ ૨૦૦૬ અને તેના નિયમોને અનુસરી ને વાદીઓના કબજા વાળી સદર જમીન ખેડવાનો અધિકાર શરતો ને આધીન માન્ય રાખવામાં આવેલ અને જે મુજબ સદર દાવાવાળી જમીન વાદીઓને ફાળવેલ હોવાનો દસ્તાવેજી આધાર પુરાવો માર્ક ૩/૧ થી માર્ક ૩/૪ સુધીના રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે તેનાથી માનવા યોગ્ય જણાય છે, તે ઉપરાંત જમીન વાદીઓને ફાળવેલ હોવાની નોંધ રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં ૬ માં પણ કરવામાં આવેલ છે અને જે સંદર્ભે પણ વાદીઓએ રેવન્યુ રેકર્ડ નો પુરાવો રજુ કરેલ છે, પરંતુ સદર કામે પ્રતિવાદીઓને સદર જમીન ફાળવવા કોઇ હુકમ કરવામાં આવેલ હોય કે પ્રતિવાદીઓના કબજામાં તેવી કોઇ જમીન આવેલ હોય તેવો કોઇ દસ્તાવેજ પ્રતિવાદીઓ તર્ફે રજુ કરેલ નથી, તેમજ પ્રતિવાદીઓનો લેખિત જવાબ ની વિગતો જોતાં તેઓએ સરકાર શ્રી પાસે પોતાના કબજા માં જમીન હોય અને તેની માંગણી કરેલ હોય તેવો પણ પ્રતિવાદીઓનો બચાવ નથી, જેથી સદર દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ નો કાયદેસરનો લાગ ભાગ હક્ક હીસ્સો અને કબજો હોવાનુ હાલના તબક્કે પુરાવો લીધા સિવાય માની શકાય તેમ નથી, જેથી વાદીઓના લાભમાં થયેલ જમીન ની ફાળવણી ના હુકમ મુજબ સદર દાવાવાળી જમીનો નો કબજો વાદીઓનો હોવાનુ હાલના તબક્કે માનવા યોગ્ય જણાય છે અને જેથી વાદીઓ સદર જમીનમાં કબજો ધરાવી ખેતી કરતા હોવાનુ માનવા યોગ્ય જણાઇ આવે છે અને જેથી પ્રતિવાદીઓ ધ્વારા પોતાના જવાબમાં કરવામાં આવેલા કથનો અંગે કોઇ પુરાવો નથી ત્યારે વાદીઓના કથનો વાદી તર્ફે રજુ થયેલા પુરાવા થી માનવા યોગ્ય છે તેમ મારુ માનવુ છે, જેથી હાલના તબક્કે પ્રતિવાદીઓ ના કથનો બાબતે પુરાવો લેવો જરુરી જણાય છે અને ત્યાં સુધી વાદીઓના લાભમાં થયેલ માર્ક ૩/૧ થી માર્ક ૩/૪ ના દસ્તાવેજો અને કલેક્ટર શ્રી ના હુકમો આધારે વાદીઓ ને જમીનો એલોટ થયેલ હોવાનુ અને તે મુજબ વાદીઓનો કબજો હોવાનુ માનવા યોગ્ય હોય, વાદીઓનો પ્રથમ દર્શનીય કેશ હોવાનુ જણાઇ આવે છે અને પ્રતિવાદીઓ ધ્વારા તેઓને જમીનો એલોટ કરવામાં આવેલ હોય કે તેઓએ તેની કાયદેસર રીતે માંગણી કરેલ હોય અને પ્રતિવાદીઓ નો

કાયદેસરનો કબજો હોય તેવો કોઇ દસ્તાવેજી આધાર પુરાવો રજુ કરેલ ના હોય ત્યારે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં વિશેષ હોવાનુ માની શકાય તેમ છે અને જેથી વાદીઓના લાભમાં થયેલ ફાળવણી મુજબની જમીનમાં પ્રતિવાદીઓ હેલો હરકત કરતા અટકાવવા માટે પ્રતિવાદીઓ વિરુધ્ધ જો મનાઇ હુકમ ફરમાવવામાં ના આવે તો વાદીઓને નાણા થી પણ ભરપાઇ ના થઇ શકે તેવું નુકશાન થવા સંભવ હોવાનુ મારુ માનવુ છે અને જેથી  વાદીઓ ને હાલના તબક્કે તેઓના કબજા હક્કના રક્ષણ માટે માંગ્યા મુજબ નો મનાઇ હુકમ મળવા પાત્ર હોવાનુ  તેમ મારુ માનવુ છે. જેથી હાલના દાવાના કામે પ્રતિવાદીઓએ ઉઠાવેલ તકરાર નુ નીરાકણ પુરાવો લીધા સિવાય શક્ય નથી ત્યારે વાદીઓ ના હક્કો ના રક્ષણ માટે દાવાવાળી મિલકત બાબતે મનાઇ હુકમ વાદીઓના લાભમાં આપવો યોગ્ય અને ન્યાયી હોવાનુ મારુ માનવુ હોય, મુદ્દા નં ૧ થી ૩ નો જવાબ હકાર માં આપુ છું અને મુદ્દા નં -૪ નો  બાબતે  નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

## --:: આખરી હુકમ ::-

૧. વાદીઓ ની આંક-૫ ની કામચલાઉ મનાઇ હુકમ મેળવવા બાબતેની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. દાવાવાળી મોજે ગામ કરવાઇ તા. કડાણા, જી.મહીસાગર ની સીમમાં આવેલ ખાતા નં ૨૪૮ ના નવા બ્લોક નં ૨૨૮ જુનો બ્લોક/સર્વે નંબર ૧૬૨ પૈકી હે.આરે ૦૧-૨૦-૦૦ ચો.મીટર વાળી જમીન ની દાવા પેરા-૩ માં જણાવેલ હદપાળી  વાળી જમીનમમાં પ્રતિવાદીઓએ જાતે કે તેમના નોકરો, એજન્ટો એ પ્રવેશ કરવો કરાવવો નહી કે જમીન ના વાદીઓના કબજામાં હેલો હરકત કરવો કરાવવો નહી કે વાદીઓને જમીન ખેડ, ખેતી કરીને પાક લેતા અટકાવવા નહી અને વાદીઓના પાકને નુકશાન કરવુ કરાવવુ નહી તેવો કામચલાઉ મનાઇ હુકમ આ દાવાના આખરી નીકાલ થતા સુધી વાદીઓના લાભમાં અને પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવે છે.

૩. અરજીઓ નો ખર્ચ દાવાના હુકમને અનુસરશે.

હુકમ આજરોજ તા. ૨૪  માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કડાણા / દિવડા કોલોની

તા.૨૪/૦૬/૨૦૨૬

જયેશ વાલજીભાઈ ચૌહાણ
મુખ્ય સીવીલ જજ, કડાણા
@ દિવડા કોલોની
યુ.આઇ. કોડ નંબર જીજે ૦૧૪૩૧